# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-10-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : WEDNESDAY** **National News**

નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)

સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

*****************************************************

1) સરકારે સાહસિક કાર્યો માટે સંરક્ષણ કર્મચારીઓને શૌર્ય પુરસ્કારો આપવા માટે જાહેરનામું બહાર પાડ્યું.
2) UDAN યોજનાને 9 વર્ષ પૂર્ણ- 1.56 કરોડ મુસાફરોને સુવિધા મળી
3) રેલવે આગામી દિવસોમાં આશરે 7 હજાર 800 થી વધુ વિશેષ ટ્રેનો ચલાવશે
4) અમેરિકા પહેલી નવેમ્બરથી ચીનના માલ પર 155 ટકા ટેરિફ લાદશે
5) દેશભરમાં આજે ભક્તિ અને ઉત્સાહ સાથે ગોવર્ધન પૂજાની ઉજવણી
6) નવી આશા , ઉમંગ અને ઉત્સાહ સાથે ગુજરાતીઓના નૂતન વર્ષનો આજથી પ્રારંભ

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# GALLANTRY-CITATIONS

સરકારે ઓપરેશન સિંદૂર સહિત વિવિધ કામગીરી દરમિયાન અદમ્ય હિંમત બદલ સંરક્ષણ કર્મચારીઓને શૌર્ય પુરસ્કાર પ્રશસ્તિપત્રો આપવા માટે એક જાહેરનામું બહાર પાડયુ છે. જાહેરનામામાં સમાવિષ્ટ પ્રશસ્તિપત્રો વાયુસેના અને સેનાના કર્મચારીઓ માટે છે.

પ્રસ્તુત છે એક અહેવાલ...

(BYTE - MRIGNAYNAI)

. . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ - KERALA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે કેરળના સબરીમાલા પહાડી મંદિરની મુલાકાત લેશે. કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર . રાષ્ટ્રપતિ ગઈકાલે સાંજે તિરુવનંતપુરમ પહોંચ્યા હતા વિશ્વનાથ આર્લેકર, મુખ્યમંત્રી પિનરાયી વિજયન, કેન્દ્રીય મંત્રી જ્યોર્જ કુરિયન અને અન્ય વરિષ્ઠ મહાનુભાવોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું રાષ્ટ્રપતિની મુલાકાત . .માટે સબરીમાલા અને બેઝ કેમ્પ પર કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે

. . . . . . . . . . .

# CIVIL-AVIATION---UDAN

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રાદેશિક કનેક્ટિવિટી યોજના ,ઉડાન એ 9 વર્ષમાં 3 લાખ 23 હજાર ફ્લાઇટ્સ દ્વારા 1 કરોડ 56 લાખથી વધુ મુસાફરોને સુવિધા આપી છે.

ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિ હેઠળ, 21 ઓક્ટોબર, 2016 ના રોજ UDAN યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ , 15 હેલિપોર્ટ અને 2 વોટર એરોડ્રોમ સહિત 93 ઓછા ઉપયોગમાં લેવાતા એરપોર્ટને જોડતા 649 રૂટ કાર્યરત થયા છે. યોજનાની 9મી વર્ષગાંઠ નિમિત્તે નવી દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધતા, નાગરિક ઉડ્ડયન સચિવ સમીર કુમાર સિંહાએ કહ્યું કે UDAN એક પરિવર્તનકારી પહેલ છે જેનો હેતુ હવાઈ મુસાફરીને સસ્તું અને સામાન્ય નાગરિક માટે સુલભ બનાવવાનો છે. તેમણે વિસ્તૃત UDAN માળખા દ્વારા એપ્રિલ 2027 પછી પણ યોજના ચાલુ રાખવાની સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી , જે પર્વતીય , ઉત્તરપૂર્વીય અને મહત્વાકાંક્ષી પ્રદેશો સાથે જોડાણ અને આશરે 120 નવા સ્થળોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. મંત્રાલયે જણાવ્યું હતું કે સરકારે એરલાઇન ઓપરેટરો અને પ્રાદેશિક માળખાગત સુવિધાને પ્રોત્સાહન આપવા માટે ₹4,300 કરોડથી વધુનુ ભંડોળ વિતરણ કર્યું છે. વધુમાં , આ યોજના હેઠળ એરપોર્ટ વિકાસમાં 4,638 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે સરકારે ગયા વર્ષે સીપ્લેન કામગીરી માટે વ્યાપક માર્ગદર્શિકા પણ લાગુ કરી હતી અને સીપ્લેન અને હેલિકોપ્ટર માટે એક ખાસ બિડિંગ રાઉન્ડ, શરૂ કર્યો છે.

. . . . . . . . . . . . . . . . .

# ASWINI VAISHNAV

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે દિવાળી અને છઠ દરમિયાન મુસાફરોની સંખ્યામાં વધારો થવાને કારણે , રેલવે આગામી દિવસોમાં આશરે 7,800 વધુ વિશેષ ટ્રેનો ચલાવવાની યોજના બનાવી રહી છે તહેવારોની ભીડ પર નજર . રેલવે મંત્રીએ ગઇકાલે નવી દિલ્હી . રાખવા માટે વોર રૂમ બનાવવામાં આવ્યા છે રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી અને તહેવારો દરમિયાન મુસાફરો માટે કરવામાં આવેલી વ્યવસ્થાનું મૂલ્યાંકન કર્યું હતું આ પહેલા ., તેમણે રેલ ભવન વોર રૂમમાંથી ખાસ ટ્રેનો વિશે માહિતી મેળવી હતી અને મુસાફરોની સુવિધા સુનિશ્ચિત કરવા માટે રેલવે અધિકારીઓને મહત્વપૂર્ણ સૂચનાઓ આપી હતી . ભારતીય રેલ્વે તહેવારોની મોસમ દરમિયાન 12,011 વિશેષ ટ્રેનો ચલાવી રહી છે.

. . . . . . . . . . . . . . . . . .

# DELHI-CM---PM

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી તેમને દિવાળીની શુભકામનાઓ પાઠવી.

સુશ્રી ગુપ્તાએ પ્રધાનમંત્રીને દિલ્હીમાં  વિકાસ પહેલ, સ્વચ્છ યમુના અભિયાન અને આગામી છઠ પૂજા માટેની તૈયારીઓ વિશે માહિતી આપી હતી. મુખ્યમંત્રીએ શ્રી મોદીને યમુનાને પુનર્જીવિત કરવાના દિલ્હી સરકારના પ્રયાસો વિશે માહિતી આપી હતી.. તેમણે કહ્યું કે યમુનાના કિનારે ગ્રીન બેલ્ટ વિકસાવવામાં આવી રહ્યા છે અને કચરો નદીમાં ફેંકાતો અટકાવવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.

છઠ ઉત્સવ અંગે, તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે યમુનાના બંને કિનારે ખાસ ઘાટ બનાવવામાં આવી રહ્યા છે , જેમાં લાઇટિંગ, પીવાનું પાણી, સ્વચ્છતા, તબીબી સહાય અને સુરક્ષાનો સમાવેશ થાય છે. અધિકારીઓ ઘાટોની સ્વચ્છતા અને પાણીની ગુણવત્તા પર નજર રાખી રહ્યા છે .

દિલ્હીના મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રી મોદીને નવા ફ્લાયઓવર , અંડરપાસ, સુધારેલા જાહેર પરિવહન, અપગ્રેડેડ શાળાઓ અને વિસ્તૃત આરોગ્યસંભાળ સુવિધાઓ સહિત ચાલી રહેલી કલ્યાણકારી યોજનાઓ અને માળખાગત પ્રોજેક્ટ્સ વિશે પણ માહિતી આપી. તેમણે જણાવ્યું હતું કે દિલ્હી સરકાર એક આધુનિક , સ્વચ્છ અને નાગરિક-મૈત્રીપૂર્ણ રાજધાની બનાવવા માટે કામ કરી રહી છે , જે વિકસિત દિલ્હીનું નિર્માણ કરશે.

. . . . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશવિદેશના લોકો સમક્ષ- પોતાના વિચાર રજૂ કરશે માસિક રેડિઓ કાર્યક્રમની આ .127-મી કડી હશે આ માટે લોકો . પોતાના મંતવ્યો ટૉલ ફ્રી નંબર 1800–11–7800 પર તેમજ નરેન્દ્ર મોદી એપ્લિકેશન અને માય GOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન મોકલી શકે છે આ મહિનાની .24 તારીખ સુધી આ મંતવ્ય મોકલી શકાશે.

………………………………

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગા મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# TRUMP CHINA TARIFF

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે , બેઇજિંગ સાથે મૈત્રીપૂર્ણ સંબંધો જાળવવાની તેમની ઇચ્છા હોવા છતાં, અમેરિકા 1લી નવેમ્બરથી ચીનના માલ પર 155 ટકા ટેરિફ લાદશે. રશિયાના સૌથી મોટા તેલ આયાતકાર તરીકે ચીનની ભૂમિકાનો ઉલ્લેખ કરતા , અમેરિકાના રાષ્ટ્રપતિએ કહ્યું કે આ ટેરિફ , વર્ષોથી ચાલી આવતી એકપક્ષીય વેપાર પ્રથાઓનો જરૂરી પ્રતિભાવ છે , જેના કારણે અમેરિકાને આર્થિક નુકસાન થયું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અગાઉની સરકારોએ ચીનને અમેરિકાનું આર્થિક રીતે શોષણ કરવાની મંજૂરી આપી હતી અને હવે કડક પગલાં લેવાની જરૂર છે.

ટ્રમ્પે સમાન વ્યૂહરચનાઓના આધારે યુરોપિયન યુનિયન , જાપાન અને દક્ષિણ કોરિયા સાથે સફળ કરારોનો ઉલ્લેખ કરીને રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક લાભના સાધન તરીકે ટેરિફનો બચાવ કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ટેરિફથી અમેરિકામાં અબજો ડોલર આવ્યા છે અને રાષ્ટ્રીય દેવું ઘટાડવામાં મદદ મળશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# GST

GST બચત મહોત્સવના ફાયદા સમાજના તમામ વર્ગો સુધી પહોંચી રહ્યા છે . આજે આશ્રેણીમાં,પ્રસ્તુત છે દેશના ફૂટવેર અને એપેરલ ક્ષેત્રને મજબૂત બનાવવામાં GST સુધારાઓની અસર પર અમારા સંવાદદાતાનો અહેવાલ

(બાઈટ -- શિવાની)

. . . . . . . . . . . . . . . . . . . . . .

# GOVARDHAN PUJA

આજે દેશના વિવિધ ભાગોમાં ગોવર્ધન પૂજા ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. ખાસ કરીને ઉત્તરપ્રદેશમાં મથુરા અને વૃંદાવન વિસ્તારમાં જ્યાં ભગવાન કૃષ્ણના અનુયાયીઓ મોટી સંખ્યામાં ભેગા થયા છે , ત્યાં ગોવર્ધન પૂજા ધાર્મિક ઉત્સાહ અને ભક્તિ સાથે ઉજવવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# NEW YEAR - GUJARAT

નવી આશા, ઉમંગ, અને ઉત્સાહ સાથે ગુજરાતીઓના નૂતન વર્ષનો પ્રારંભ થયો છે.

વિશ્વભરમાં ગુજરાતી સમુદાય આજે નવા વર્ષની ઉજવણી કરી રહ્યો છે. ગુજરાતમાં તેને "બેસતુ વર્ષ" તરીકે ઉજવવામાં આવે છે , નવું વર્ષ વિક્રમ સંવત હિન્દુ કેલેન્ડરના કાર્તિક મહિનાના પહેલા દિવસે આવે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ લોકોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ:

(V/C- APARNA KHUNT)

. . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

- આજથી શરૂ થતાં ગુજરાતીઓના નવા વર્ષ અંગે સંદેશ લખે છે-અનેક આશા , અરમાનો સાથે વિક્રમ સંવત 2082નો પ્રારંભ
- દિવાળીએ દાઝવાના 58 કેસ , માર્ગ અકસ્માતમાં પણ 73 ટકાનો વધારો-આ સમાચાર દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને છાપ્યા છે
- નવ ગુજરાત સમય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદનને ટાંકીને લખે છે-ઓપરેશન સિંદૂર સાથે ભારતે અન્યાયનો બદલો લીધો
- અમેરિકાના વહીવટી તંત્ર દ્વારા જાહેર કરાયેલી નવી માર્ગદર્શિકા અંગે ગુજરાત સમાચાર લખે છે ટ્રમ્પની ભારતીયો સહિતના લોકોને રાહત ,અમેરિકામાં જૂના એચ-1 બી વિઝા ધારકે એક લાખ ડોલર નહીં ચૂકવવા પડે
- દિવાળીની શુભકામના અંગે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના નિવેદનને ટાંકીને સંદેશ લખે છે-દિવાળીનું પર્વ અંધકાર પર પ્રકાશના વિજયની યાદ અપાવે છે.
- રાજ્યમાં PG મેડિકલમાં 250 બેઠક વધી, હજુ વધુ 250 જેટલી વધે તેવી શક્યતા-આ સમાચાર નવ ગુજરાત સમયે છેલ્લા પાને છાપ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .